ISSN : 2320-169X

# Samajik Vichar Vigyan

## Multi Disciplinary Journal

## International Research Journal

Editor

P. V. Padshala

Published by

Year : 04

Issue : 14

April to June. : 2015

Study Guide Educational Publication™

# INDEX


| No. | Article | Author | P.G. No. |
|---|---|---|---|
| 1. | A study of Correlation among Anxiety, Creative thinking and Self-concept of Secondary School Students | Kiritkumar Ramanbhai Chauhan | 1-8 |
| 2. | Need of Electoral Reform in India for Efficacious Democracy | Dr. Gaurang A. Thaker | 9-16 |
| 3. | Study the Knowledge and Attitude of Mothers in Childhood Diarrhea | Chetana N. Bechara | 17-20 |
| 4. | Theory of causation | Bhavesh B. Kachhadiya | 21-25 |
| 5. | So Many Hungers, a True Representation of Hunger and Poverty of India | Sangita B. Patoliya | 26-30 |
| 6. | Shold Huckleberry Finn be Banned? | Tasneem Moiz Patrawala | 31-37 |
| 7. | By Population Growth effect on Socioeconomic Development, Pollution, Environmental Degradation, Literacy rate in Gujarat | DR. M. J.Raijada | 38-48 |
| 8. | માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોનો અભ્યાસ | રામસિંગ એ. ગામીત | 49-56 |
| 9. | બી.એડ્. અને એમ.એડ્. ના તાલીમાર્થીઓના 'સ્વચ્છ ભારત અભિયાન' અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | સમીર એસ. દોઢિયા | 57-63 |
| 10 | Social Support and Depression in Working Women | Dr. Sushil K. Rohiwal | 64-73 |
| 11. | અસંગઠિતક્ષેત્રના શ્રમિકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિ: સુરત શહેરના ઓટો રીક્ષાચાલકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ | પઠાણ દિલાવરખાન એન. | 74-84 |

| | | | |
|---|---|---|---|
| 12. | પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે કાર્યક્ષમતા માપદંડની રચના અને પ્રમાણીકરણ | પટેલ જીગ્નેશકુમાર સી. | 85-95 |
| 13. | Performanance Evaluation of Indian Private and Public Sector Banks (With Reference To Camel Model) | Dhaduk Jalpa Chhaganbhai | 96-103 |
| 14. | ભારતમાં તુર્ક અફઘાન શાસનનું સ્વરૂપ | ડો. તસ્મીન એમ. શેખ | 104-106 |
| 15 | કૌશલ્ય વિકાસ માટે સંશોધન અને નવીનીકરણ | વશી અવની બી. | 107-111 |
| 16 | વ્યક્તિગત શ્રેષ્ઠતા માટે કૌશલ્ય વિકાસ | પટેલ ભુમિકા | 112-166 |
| 17 | બી.એડ.કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સર્વગ્રાહી ચિંતા અંગેનો તુલનાત્મક અભ્યાસ | પ્રા. ડો. ભાવના કે. ઠુંમર | 117-124 |

# ભારતમાં તુર્ક અફઘાન શાસનનું સ્વરૂપ

ડૉ. તસ્મીન એમ. શેખ
વ્યાખ્યાતા,
એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર

## ❖ મુસ્લીમ શાસનના આધાર તત્વો

મુસ્લીમ રાજનૈતિક વિચારોનો આધાર કુરાન, હદીસ, એન ઈજમા છે. આ વિચારોના આધારે જ સલતનત કાળમાં રાજ્યોનું સંગઠન થયુ હતું. ઈસ્લામી કાનુન શરિઅત, કાનૂન અને હદીસ પર આધારિત છે. ખલીફાઓના સમયમાં મુસ્લિમ રાજ્યોનો વિસ્તાર થયો અને અનેક વ્યવહારિક મુશ્કેલીઓ શાસકો સામે ઉભી થઈ કારણ કે જે નવા પ્રદેશો તેમના તાબામાં આવ્યા તેની પ્રજા મુસ્લિમ ધર્મ પાળનારી ન હતી. અલ્લાહે કુરાનમાં આદેશ આપ્યો છે કે મારી આજ્ઞા માનો અને એ બધાની જે તમારા વચ્ચે સત્તાધારી છે. સત્તાનો દૂરઉપયોગ ન થાય તે માટે આ આદેશ પણ આપ્યો કે મનુષ્યોના સૌ પ્રથમ ઉત્તરદાયિત્વ અલ્લાહના પ્રતિ છે. કોઈપણ મુસ્લિમ એવી સત્તાનો આદેશ ન માને જેના આદેશ ધર્મ વિરૂદ્ધ હોય. જો કે સત્તા ભોગવવાની ફરજ છે કે તે ધર્મ વિધિ કે શરિઅતનું પાલન કરે જો તે શરિઅતનું પાલન કરે તો શરિઅત પ્રમાણે તેને પદભ્રષ્ટ કરવો.

## ❖ ભારતમાં ઈસ્લામી શાસનની શરૂઆત

ભારતમાં અરબ આક્રમણની શરૂઆત ઈ.સ. ૭૧૧માં મોહમદ બીન કાસીમના સિંધ પરના આક્રમણ સાથે થાય છે. પરંતુ આ આક્રમણ માત્ર એક વંટોળ પુરવાર થયો એટલે કે કાસીમ પોતાની સત્તા લાંબા સમય સુધી ટકાવી શક્યો નહીં. સિંધ પરનું તેનું આક્રમણ તેને મેળવેલી સત્તા ટુંકા ગાળાની હતી. ભારતમાં મુસ્લીમ સત્તાની વ્યવસ્થિત સ્થાપના મોહમદ ઘોરીના આક્રમણ પછી થાય છે. તરાઈના બીજા યુદ્ધ (૧૧૯૨) મોહમદ ઘોરી પૃથ્વીરાજ ચૌહાણને હરાવે છે. એમ પોતાના પ્રતિનિધી તરીકે કુત્બુદીન એબકને ઈખ્તિયારૂદીન મહમૂદ જીતેલા પ્રદેશોની દેખરેખ અને વ્યવસ્થા માટે મૂકતો જાય છે.

પાછળથી ઉત્તર ભારતમાં ૧૨૦૬માં કુત્બુદીન એબક સુલતાનની ઉપાધિ લઈ ગાદી ઉપર બેસે છે. હવે પ્રશ્ન એ થાય છે કે શું ભારતમાં મુસ્લિમ શાસનનું સ્વરૂપ ઈસ્લામી કાનૂન અનુરૂપ હતુ? શું બધાજ મુસ્લિમ શાસકો શરિઅત પ્રમાણે રાજ્ય શાસન ચલાવતા હતા ? જવાબ છે, ના.

❖ ઝિયાઉદ્દીન બર્નીના શાસન અંગેના વિચારો

ઉપરના પ્રશ્નોનો જો યોગ્ય ઉત્તર મેળવવો હોય તો સલતનત સમયમાં રાજ્ય શાસન ઉપર લખાયેલ ઝિયાઉદ્દીન બર્નીનું પુસ્તક "ફતવા–એ–જહાંદારી"નો અભ્યાસ કરવો જરૂરી થઈ પડે છે. બર્ની પોતાના પુસ્તકમાં જણાવે છે કે જલાલુદીન ખલજી પહેલો સુલતાન હતો. જે ભારતીય સમાજમાં ઈસ્લામી કાનૂન લાગુ કરવાનો વિરોધી હતો. તે સ્પષ્ટ રીતે માનતો હતો કે જો હિન્દુસ્તાનમાં લાંબા સમય સુધી સત્તા ટકાવી રાખવી હોય તો ઈસ્લામી કાનૂનો નહી પરંતુ સ્થાનિક લોકોને અનુરૂપ કાનૂનો બનાવવા પડે. કારણ કે તે સમયે સમાજમાં ૯૫% થી ૯૭% પ્રજા હિન્દુ ધર્મ પાળનારી હતી. સમાજમાં આટલા મોટા વર્ગ ઉપર તમે તમારા વિચારો લાદી શકો નહી. જો આમ કરવામાં આવે તો ટૂંક સમયમાં તમારી સત્તાનો અંત આવે.

એ વાતમાં કાંઈ ખોટુ નથી કે સલતનત અને મોગલ સમયમાં સત્તામાં ઈસ્લામી કાનૂનો અને ખાસ કરીને ઉલેમાઓનો રાજ્યશાસનમાં દખલ વધારે હતા. પરંતુ અલ્લાઉદ્દીન ખલજી જેવા શાસકો પણ હતા. જેમણે ઉલ્લેમાઓને શાસનમાં દખલથી દૂર રાખ્યા.

ભારતમાં વ્યવહારિક રૂપમાં મુસ્લિમ સુલતાન એક પૂર્ણ તથા સ્વેચ્છાચારી શાસક હતા. જેની ઉપર કોઈપણ પ્રકારના પ્રતિબંધ ન હતા. તેનો શબદ કાનૂન હતો. ભારતીય સુલતાના સમયે સમયે તુર્કી કે મિસરના ખલીફાઓનો આજ્ઞા પત્ર મેળવતા જેને મંશુર તરીકે ઓળખવામાં આવતું આ પત્ર તેમને ઈસ્લામી જગત, ભારતીય અમીર એન જનતામાં તેમનો માન વધારવાનું કાર્ય કરતું.

પરંતુ ભારતીય સત્તાનો મુળ આધાર તો તેની ભૌતિક શક્તિ જ હતી અને આ વાતને તો સમયના લોકો જ નહી પરંતુ સૈનિકો, કવિ અને ઉલમાઓ પણ માનતા અને સ્વીકારતા હતા. પોતાની શાસન વ્યવસ્થા સુચારૂ રૂપે ચલાવવા સુલતાન પોતાના દ્વારા ચૂંટાયેલા મંત્રીઓ અને અમિરોની નિયુક્તિ કરતો. રાજ્ય મુખ્ય રૂપે સૈનિક પ્રકૃતિ ધરાવતો અને સુલતાન તેનો મુખ્ય સેનાપતિ હતો. તે પ્રમુખ વિધિ નિર્માતા અને અપીલ માટેનો અંતિમ ન્યાયાલય પણ હતો.

ગઝાલી જેવા વિચારક એક સુલતાન અસ્તિત્વને સામાજિક જીવનની સૌ પ્રથમ આવશ્યકતા માને છે. કારણ કે રાજ્યના સંચાલન માટે કોઈ શાસક ન હોય તો આખી વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય છે. હિંદુ અને ફારસી પરંપરાઓમાં રાજાને સાક્ષાત ઈશ્વર અથવા દૈવીગુણો ધરાવતો

માનવામાં આવતો હતો. પરંતુ ઈસ્લામને આ વાત સ્વીકાર્ય ન હતી. આથી સુલતાનના શરીરથી નહી પરંતુ તેના પદથી દૈવત્વ જોડી દેવામાં આવ્યું હતું. તેને જિલ્લ–અલ્લાહ એટલે ઈશ્વરની પરછાઈ કહેવામાં આવ્યું હતું તથા જનતા અને અમીરોથી આશા રાખવામાં આવતી કે તે સુલતાન આગળ ઝુકી તેને સજદો કેર જે રીતે અલ્લાહ આગળ કરવામાં આવે છે. આજ વાતના પુરાવા તરીકે આપણે જોઈ શકીએ છીએ કે સુલતાન બલ્બને "સજદા" અને "પાબોશી"ની પ્રથા શરૂ કરી હતી. અને પાછળથી શેરશાહ સૂરીના એક ઉત્તરાધીકારીના સમયમાં અમીરોથી તખ્ત ઉપર રાખેલા તેના જૂતાઓની પણ સજદો કરવાની આશા રખાતી હતી.

મુસ્લિમ શાસન વ્યવસ્થામાં ઉત્તરાધીકારનો  કોઈ સ્પષ્ટ નિયમ વિકસીત થયો ન હતો. ઈસ્લામી વિચારક શાસકોની ચૂંટણી કરવાના પક્ષમાં હતા પરંતુ વ્યવહારમાં કોઈ સફળ શાસકના પુત્રને ઉત્તરાધિકારી તરીકે સ્વીકારી લેવામાં આવતો હતો. પરંતુ ગાદી ઉપર એક શાસકના બધા ઉપર એક પુત્રોનો બરાબરનો અધિકાર માનવામાં આવતો હતો. જયેષ્ઠાધિકારના વિચારને ન તો હિન્દુ શાસકોએ સંપૂર્ણ રીતે સ્વીકાર્યો ન હતો. ન તો મુસ્લિમ શાસકોએ કેટલાક શાસકો પોતાની રીતે જ એક પુત્રને ઉત્તરાધિકારી ઘોષિત કરી દેતા પછી ભલે તે જયેષ્ઠ ન પણ હોય આનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણને ઈલ્તુત્મિશમાં જોવા મળે છે. કારણ કે જેણે પોતાના પુત્રો કરતા પુત્રી રજીયાને વધારે ચઢ ીયાતી ગણી તેને પોતાની ઉત્તરાધિકારી નીમિ પરંતુ આ બાબતનો સ્વીકાર કરવો એ અમીર વર્ગ ઉપર નિર્ભર રહેતું. આ સમયમાં સૈન્ય બળ ગાદીના ઉત્તરાવિકાર માટે પ્રમુખ આધાર બની ગયો હતો. પરંતુ જનમતની પણ ઉપેક્ષા કરી શકાતી ન હતી. વિશેષકર સુલતાની રાજધાનિમાં જનમત વિશેષ મહત્ત્વનો રહેતો જેવી રીતે જનમતના ભયથી જ બલબન અને ખલજીના ઉત્તરાધિકારીઓ તેમને સત્તાથી હટાવ્યા પછી લાંબા સમય સુધી જુની દિલ્લીમાં પ્રવેશ કરી શક્યા નહી અને જુની દિલ્લીની પાસે એટલે કે કુતુબમિનારથી થોડે દુર આવેલ સીરી નામક એક નવુ નગર બનાવી ત્યાં રહેતા હતા.

## ❖ સંદર્ભ સૂચિ


૧. The wonder that was India II - s.a.a.rizvi

૨. મધ્યકાલીન ભારત રાજનીતિ, સમાજ ઓર સંસ્કૃતિ–સતિષ ચંદ્ર

૩. મધ્યકાલીન ભારત (૧૦૦૦ ઈ.સ. થી ૧૭૬૧ ઈ.સ.) – વી. ડી. મહાજન

૪. History of Medieval India (NCERT class XI-XII)–સતિશ ચંદ્ર

ISSN : 2454-1265

Volume : 1 | Issue : 5 | February-2016

Thirteen Plus

# International Journal of Multi Disciplinary Research

ISSN : 2454-1265

## CONTENTS

A Comparative Study of Anxiety in Married Working And Non-working Women.......01
**Nayana R. Joshi**

આઝાદીની ચળવળમાં સ્ત્રીઓને ભાગ લેવા માટેના પ્રેરણાત્મક પરિબળો.......05
**Tasneem Shaikh**

A Comparative Study of Stress in Married Working and Non-working Women.......09
**Dharti J. Chauhan**

શિક્ષાપત્રીમાં નિરૂપિત સ્ત્રી અધિકાર.......13
**નકુમ કાજલબેન ઉકાભાઈ**

वर्तमान समय में महिला और शसक्तिकरण का अभ्यास.......18
**Chavda Dharmishtha S.**

Model Networking Automation in Medical Colleges in Gujarat.......22
**Rajesh H. Trivedi**

પ્રાચીન ઐતિહાસિક દફતરનો ઈતિહાસ .......34
**Dr. Mayursinh B. Gohil**

A Comparative Study of Depression in Married Working and Non-working Women.......42
**Ashok S. Kantariya**

કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજનનો અભ્યાસ .....48
**જસવંતી એલ. ચિત્રોડા**

સ્ત્રી અને પુરૂષોમાં આવેગિક પરિપકવતા અને આત્મગૌરવનો અભ્યાસ .......55
**જાનકી બી. રાવલ**

મધ્યમવ્યાયોગમાં માનવાધિકાર .......62
**ચાચીયા રાકેશ ડી.**

શિક્ષિત સ્ત્રી-પુરૂષમાં નૈતિક મૂલ્યોનો અભ્યાસ .......67
**રીટા એ. શ્રીવાસ્તવ**

Thirteen Plus
Volume 1
Issue 5
February-2016

ISSN : 2454-1265

# આઝાદીની ચળવળમાં સ્ત્રીઓને ભાગ લેવા માટેના પ્રેરણાત્મક પરિબળો

Tasneem Shaikh
History Deptt.
M. P. Shah Arts Colege
Surendranagar.

વેપારી તરીકે ભારતમાં આવેલા અંગ્રેજો પાછળથી રાજનીતિમાં ફેલાયેલ અંધાધૂંધીનો લાભ લઈ અહીં શાસક બની બેઠા. સમય જતાં આ સત્તાના અત્યાચારો એટલા વધી ગયા કે ભારતીય જનતાએ તેમને અહીંથી ખસેડી દેવા કમર કસી. ભારતીય સમાજનો દરેક વર્ગ આ ચળવળમાં જોડાયો. સ્ત્રીઓએ પણ આ લડતમાં પુરૂષોના ખભેથી ખભા મીલાવી તેમનું અગત્યનું યોગદાન આપ્યું.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત તો ૧૭૫૭થી જ થઈ ગઈ હતી, પરંતુ રાષ્ટ્રીયતાની ભાવનાથી પ્રેરાઈને કરેલી કોઈ પણ લડત આ શરૂઆતના સમયમાં જોવા મળતી ન હતી. તેમાં રાષ્ટ્રીયતાની ભાવના કરતાં વ્યક્તિગત સ્વાર્થ વધારે પ્રબળ હતો. આ માટે પહેલું વહેલું સ્વાતંત્ર્ય સંગ્રામ તો ૧૮૫૭ના વિપ્લવને જ ગણવામાં આવે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આ લડતમાં સ્ત્રીઓને જોડાવવાની પ્રેરણા મળી હોય એવા કયા પરિબળો હતા ? શા માટે સ્ત્રીઓએ ભારતીય સ્વાતંત્ર્યની ચળવળમાં પુરૂષ સમોવડો ભાગ ભજવ્યો ? સ્ત્રીઓને પ્રેરણા મળવા પાછળના જે કારણો જવાબદાર હતા એની ચર્ચા કરતા પહેલા ભારતમાં સ્ત્રીઓની સ્થિતિનો આછો ખ્યાલ મેળવી લેવો અત્રે વધારે યોગ્ય થઈ પડે છે.

પ્રાચીન ભારતમાં સ્ત્રીઓની દશા વિશેની માહિતી મેળવવા માટે મનુનો નિમ્નલિખિત સુક્ત પૂરતો છે :

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । - मनुस्मृति

અર્થ : જ્યાં નારીઓની પૂજા થાય છે, ત્યાં દેવોનો નિવાસ હોય છે.

વૈદિકકાળમાં ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ખૂબ જ ઊંચુ હતુ. તેના ઉદાહરણ રૂપે તે સમયની વિદ્વાન મહિલાઓ જેમકે લોપામુદ્રા, અપાલા, ઘોષા, ગાર્ગી, પોલોમી અને કદ્રૂનાં નામ આપી શકાય છે. ઉત્તર વૈદિકકાળમાં સમાજમાં સ્ત્રીઓની દશા ખરાબ હતી. તેમને દાસી બનાવવામાં આવતી હતી. ત્યારપછી ક્રમશઃ આ ચડતી પડતીનું ચક્ર ચાલુ રહે છે. છેક અઢારમી સદીમાં તો સ્ત્રીઓની સ્થિતિ દયનીય બની જાય છે, જેની પાછળ સમાજમાં રહેલા અનેક દૂષણરૂપી કુરિવાજો જેવા કે બાળવિવાહ, બહુપત્નીત્વ, વિધવા પુનઃલગ્નની મનાઈ,

ISSN : 2454-1265

બાળકીને દૂધપીતી કરવી, સતી પ્રથા, પરદા પ્રથા, દહેજ પ્રથા વગેરે જવાબદાર હતા. આ ઉપરાંત પણ સ્ત્રીઓને તેમના અનેક અધિકારોથી વંચિત રાખવામાં આવતી.

લગભગ ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ભારતીય સમાજમાં નવચેતનાનો સૂર ફેલાય છે અને ભારતના રાજકીય ફલક પર અનેક ઘટનાઓ બને છે. જે તેના સ્વાતંત્ર્ય સંગ્રામ માટેની છે. એમાં સ્ત્રીઓ પણ સહભાગી બને છે. તેમના સહભાગી બનવા પાછળના મૂળ કારણો નીચે મુજબ ગણાવી શકાય.

### પાશ્ચાત્ય શિક્ષણ

ભારતમાં અંગ્રેજોના આગમન પછી શિક્ષણ ક્ષેત્રે અનેક સુધારાઓ થયા હતા અને અંગ્રેજી શિક્ષણનો પ્રચાર પ્રસાર થયો હતો. ભારતનો સમાજ પુરૂષપ્રધાન હતો, પરંતુ આ નવા શિક્ષણને કારણે પાશ્ચાત્ય વિચારોથી અવગત થનાર એક નવો વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો, જેણે સમાજજીવનમાં સ્ત્રીઓની સહભાગીતાની વિશેષ હિમાયત કરી. આ વર્ગના લોકોએ પાશ્ચાત્ય વિદ્વાનોના પુસ્તકો વાંચ્યા અને ત્યાંની સ્ત્રીની દશાનો ખ્યાલ મેળવ્યો, જેમાં અગત્યનું પુસ્તક પ્લેટોનું 'રિપબ્લિક' હતું. જેમાં તે એક આદર્શ નગરમાં સ્ત્રીના સ્થાનની કલ્પના કરે છે. આ પુસ્તકમાં સ્ત્રીને પણ પુરૂષ સમોવડું સ્થાન આપવાનું કહેવામાં આવ્યું છે, તે સ્ત્રી અને પુરૂષને સમાન શિક્ષણની તકો આપવાના મતનો છે. જ્હોન સ્ટુઅર્ટ મિલના પુસ્તક 'દિ સબ્જેકશન ઓફ વિમેન'માં મિલ સ્ત્રીની સ્વતંત્રતાને ખૂબ જ અગત્યનું ગણાવે છે અને એના વિકાસમાં જ સમાજનો વિકાસ જુએ છે. સ્ત્રીઓની સ્વતંત્રતાની ચળવળમાં સહભાગીતાનું પ્રથમ ઉદાહરણ પણ આપણને ફ્રેંચ ક્રાંતિમાં જ દષ્ટિગોચર થાય છે.

### નવા મધ્યમ વર્ગનો ઉદય અને ફાળો

૧૭મી સદીના ઉત્તરાર્ધમાં એક નવા જ વર્ગનો ઉદ્દભવ થાય છે. આ વર્ગ વેપાર ધંધા સાથે જોડાયેલો વર્ગ હતો. સ્વાતંત્ર્ય લડમાં ભાગ લેનાર મોટા ભાગની સ્ત્રીઓ આ જ મધ્યમ વર્ગમાં આવતી હતી. તેમના પરિવારોએ તેમને શિક્ષણ મેળવવાની છૂટ આપી તેમને એવું વાતાવરણ આપ્યું હતું કે જેનાથી તેઓ સ્વતંત્ર રીતે વિચારી શકતી હતી. એનું એક ઉદાહરણ એ આપી શકાય કે ૧૮૯૦માં કલકત્તા યુનિવર્સિટીની પ્રથમ મહિલા સ્નાતક કાદમ્બીની ગાંગુલીએ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના અધિવેશનને સંબોધતિ કર્યું હતું, કારણ કે આનાથી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓની સહભાગીતા પરિલક્ષિત થાય છે.

### વિદેશી મહિલાઓની પ્રેરણા

સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગત્યનો ભાગ ભજવનાર અનેક વિદેશી મહિલાઓનો ફાળો ઓછો આંકી શકાય તેમ નથી. વિદેશથી આવી ભારતમાં જ વસવાટ કરનારી આ મહિલાઓએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી ભારત માટે એવા કાર્યો કર્યા જે ભારતીય મહિલાઓ માટે પ્રેરણાદાયી સાબિત થયા. આ વિદેશી મહિલાઓમાં મુખ્યત્વે રોઝા લકઝેમબર્ગ, શ્રીમતી ડાના માર્શમેન, લેડી ડફરીન, પેટ્રોવા બ્લાવત્સકી, શ્રીમતી એની મેસ્કરેને, ભગિની નિવેદિતા તથા માર્ગેટ કસંસનો સમાવેશ થાય છે.

Thirteen Plus
International Journal of Multi Disciplinary Research
Volume 1
Issue 5
February-2016

ISSN : 2454-1265

### બ્રિટિશ સરકારનો ફાળો

સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓની ભાગીદારી વધારવામાં બ્રિટિશ સરકારે પણ અપ્રત્યક્ષ રીતે મહત્ત્વની ભૂમિકા ભજવી. તેમના દ્વારા જાણે અજાણે એવા નિયમો કે કાયદાઓ ઘડવામાં આવ્યા કે જેના કારણે મહિલાઓની દેશસેવામાં ભાગીદારી વધી. ૧૯૧૯ના ધારા પ્રમાણે પ્રાન્તીય ધારાસભાઓમાં સ્ત્રીઓને મતાધિકાર આપવામાં આવ્યો. ભારતીય સંવિધાન અનુસાર સ્ત્રીઓને વયસ્ક મતાધિકારની સાથે સાથે સાર્વજનિક જીવનના પણ બધા જ ક્ષેત્રોમાં પુરૂષ સમાન અધિકાર આપવામાં આવ્યા. ૧૯૩૫ના વિધાન અનુસાર ૧૦ ૧/૨ ટકા સ્ત્રીઓને મતાધિકાર આપવામાં આવ્યો. ૧૯૩૭ના કાયદા પ્રમાણે સ્ત્રીઓને પિતાની મિલકત કે સંપત્તિમાંથી હક્ક આપવામાં આવ્યો.

### ભારતીય સમાજમાં થયેલા સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલન

ભારતમાં થયેલા સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલનને પણ ભારતીય સ્ત્રીઓને અનેક રીતે તેમના વ્યક્તિત્વનો વિકાસ, તેમની વિવિધ ક્ષેત્રોની સ્વતંત્રતા તથા તેમના અધિકારો આપવામાં મદદ કરી. એક બાજુ જ્યારે અંગ્રેજી શાસકો ભારતને અજ્ઞાનતા ભરેલું સ્થાન માનતા હતા ત્યારે બીજી બાજુ સ્વામી દયાનંદ સરસ્વતી, રાજા રામ મોહનરાય, સ્વામી વિવેકાનંદ, શ્રીમતી એની બેસન્ટ, કેશવચંદ્ર સેન, મહાદેવ ગોવિંદ રાનાડે, સર સૈયદ એહમદખાન, કે. આર. કામા, બહેરામજી મલબારી જેવા સમાજ સુધારકોએ લોકોમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી દીધો. આ બધા જ સમાજ સુધારકોએ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સુધારવા તેમજ દરેક ક્ષેત્રમાં તેમની ભાગીદારી વધારવા પ્રયત્નો કર્યા.

### ૨૦મી સદીમાં શરૂ થયેલા કેટલાક મહિલા સંગઠનો

૨૦મી સદીમાં રાજનૈતિક, સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક અધિકારોની માંગ કરવા સ્ત્રીઓએ આંદોલનો કર્યા અને તેના માટે તેઓએ અવારનવાર પોતાની જાતને સંગઠિત કરવાનું શરૂ કર્યું.

- ૧૯૦૩માં ઈન્ડિયન નેશનલ સોશ્યલ કોન્ફરન્સમાં એક પૃથક સ્ત્રી વિભાગ શરૂ કરવામાં આવ્યું. તેમાં સમયે સમય અધિવેશનો પણ થતા રહેતા.
- ૧૯૧૭માં વિમેન્સ ઈન્ડિયન એસોસીએશન, ૧૯૨૫માં નેશનલ કાઉન્સિલ ઓફ વિમેન ઈન ઈન્ડિયા, ૧૯૨૬માં અખિલ ભારતીય મહિલા સંમેલનની સ્થાપના થઈ.

### મહાત્મા ગાંધીજીનો ફાળો

ગાંધીજીના ભારતના રાજકીય ફલક પર આગમનની સાથે જ એક નવા આયામની શરૂઆત થઈ. તેમણે રાષ્ટ્રીય આંદોલનને જન આંદોલનમાં ફેરવી દીધું. ગાંધીજીએ પોતાના રચનાત્મક અને અસહયોગ આંદોલનોમાં સમાજના પછાત વર્ગોની મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપ્યું. વધુમાં વધુ ભારતીય સ્ત્રીઓ રાષ્ટ્રીય આંદોલનોમાં ભાગ લેવા લાગી, જેના ફળ સ્વરૂપે

ISSN : 2454-1265

કોંગ્રેસમાં તેમને ઉચ્ચ પદ મળ્યા. ૧૯૧૮માં એની બેસન્ટ કોંગ્રેસની પ્રથમ મહિલા અધ્યક્ષ બની. ૧૯૨૫માં આ પદને સરોજીની નાયડુએ શોભાવ્યું. આ પ્રકારે સામાજિક ચેતનાની સાથે રાજનૈતિક ચેતનાએ ભારતીય મહિલાઓને અભૂતપૂર્વ રૂપે પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કર્યાં.

## તારતમ્ય

આમ ભારતની સ્વાતંત્ર્યની લડતમાં સ્ત્રીઓનો ફાળો અમૂલ્ય હતો અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવા પ્રેરિત કરનાર પરિબળો અનેક હતા, પરંતુ એક વાત અહીં નોંધવી ઘટે કે ગમે તે હોય, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનારી આ સ્ત્રીઓમાં મોટા ભાગની સ્ત્રીઓ એવા પરિવારો સાથે સંબંધ ધરાવતી હતી કે જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વાતંત્ર્યની લડત સાથે સંકળાયેલા હતા.

## સંદર્ભ ગ્રંથો

૧. स्वतंत्रता संग्राम की भारतीय वीरांगनाएँ, लेखक : नरेशकुमार शर्मा, प्रकाशक : अनु प्रकाशन ।

૨. भारत की महिला स्वतंत्रता सेनानी, लेखक : डॉ. एल. पी. माथुर, प्रकाशक : आविष्कार पब्लिशर्स ।

૩. भारत वर्ष की चर्चित महिलाएँ, लेखक : सुधा गोस्वामी, प्रकाशक : उपकार ।

૪. विश्व का ईतिहास – द्वितीय भाग (१७४० से १९५० तक), लेखक : रीता सिंह, प्रकाशक : एस. चन्द एन्ड कम्पनी लि. ।

૫. स्त्रियों की पराधीनता, लेखक : जोन स्टुअर्ट मिल (अनुवाद – प्रगति सक्सेना), प्रकाशक : राजकमल ।

૬. પ્લેટોનું રિપબ્લિક, લેખક : એન. બી. પટેલ, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૭. પ્લેટોનું આદર્શનગર, લેખક : પી. વી. નાયક, પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૮. શ્રી મનુસ્મૃતિ, ભાષાંતરકર્તા : શાસ્ત્રી ગિરજાશંકર એમ., પ્રકાશક : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય.